# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૬ તા.૦૮-૦૭-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ કાર્યક્રમની ઉજવણી બાબત.

સંદર્ભ : પરચ/૧૦૨૦૨૧/૧૨૮૦(ચાર્જ)સં/શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં તા.૩૧મી ઓગષ્ટ, ૨૦૨૩ સુધી ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ની ઉજવણી થનાર છે. આ સંદર્ભના વિવિધ કાર્યક્રમોની વિગત મુજબની પાંચ થીમ (Freedom Struggle,Action@75, Achievement@75, Ideas@75, Resolve@75) આધારે આયોજન કરવાનું થાય છે.

ઉપરોક્ત દરેક થીમ વાઇઝ નીચેના આયોજન મુજબ દરેક શાળાએ કાર્યક્રમ કરવા અને અહેવાલ ઝોન કક્ષાએ મોકલી આપવો. દરેક ઝોનનો સંકલિત અહેવાલ ઝોન દ્વારા ફોટોગ્રાફ્સ સાથે દર શનિવારે અત્રે મોકલવો.

૧. Ideas@75 અંતર્ગત નિબંધ લેખન/વક્તૃત્વ સ્પર્ધા

વિષય : ૧. વસુધૈવ કુટૂંબકમ

૨. Idea of India

૩. ન્યાય

૨. Achievement@75 અંતર્ગત નિબંધ લેખન/વક્તૃત્વ સ્પર્ધા

વિષય : ૧. Woman@75

૨. Youth@75

૩. પર્યાવરણ@75

૩. Action@75 અંતર્ગત નિબંધ લેખન/ચિત્ર સ્પર્ધા

વિષય : ૧. સ્વચ્છ ભારત (ચિત્ર સ્પર્ધા)

૨. એક ભારત શ્રેષ્ઠ ભારત

૩. National Education Policy

નોંધ :- NEP-૨૦૨૦ના પ્રકરણ ૧ થી ૮નું વાચન શિક્ષકો દ્વારા કરવાનું રહેશે અને તેનો શાળા દિઠ સારાંશ તૈયાર કરવાનો રહેશે. જે શાળા કક્ષાએ સાચવવો.

૧. Resolve@75 અંતર્ગત નિબંધ લેખન/વક્તૃત્વ સ્પર્ધા

વિષય : ૧. ભારત ૨.૦ :- ૨૦૪૭નું ભારત

૨. Freedom Struggle અંતર્ગત નિબંધ લેખન/વક્તૃત્વ સ્પર્ધા

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

વિષય : ૧. આઝાદીની ચળવળ અને સંઘર્ષ

૨. ભૂલાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓ

૩. સ્વતંત્રતાની ચળવળની મહત્વની ઘટનાઓ

ઉપરોક્ત વિષય પર શાળા કક્ષાએ નિબંધ લેખન અને ચિત્ર દોરાવવા, નિબંધ લેખન જે-તે વિષયની નિબંધની નોટમાં જ જે-તે વિષયના તાસ દરમિયાન લખાવવા. ચિત્ર કળા શિક્ષણના તાસમાં દોરાવવા. વક્તૃત્વ સ્પર્ધા પ્રાર્થના કાર્યક્રમમાં કરાવવી જે માટેનું સમય પત્રક નીચે મુજબ છે.

૧. Ideas@75 થીમ - તા.૧૧/૦૭/૨૦૨૨ થી તા.૧૬/૦૭/૨૦૨૨

૨. Achievement@75 થીમ - તા.૧૮/૦૭/૨૦૨૨ થી તા.૨૩/૦૭/૨૦૨૨

૩. Action@75 થીમ - તા.૨૫/૦૭/૨૦૨૨ થી તા.૩૦/૦૭/૨૦૨૨

૪. Resolve@75 થીમ - તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૦૬/૦૮/૨૦૨૨

૫. Freedom Struggle થીમ - તા.૦૮/૦૮/૨૦૨૨ થી તા.૧૩/૦૮/૨૦૨૨

અહેવાલ ઝોન લેવલથી દર શનિવારે ફોટોગ્રાફસ સાથે સોફટ કોપીમાં aoschoolboard@gmail.com પર ઇ-મેઇલ મોકલવો.

તા.૦૮-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૬-A તા.૦૮-૦૭-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ચોમાસાની ઋતુ છે અને વરસાદી માહોલ જામતો જાય છે. આવા સંજોગો જયારે જયારે ઉપસ્થિત થાય ત્યારે મ્યુનિ. શાળાઓમાં ભણતાં તમામ બાળકો સલામતીપૂર્વક ઘરે પહોંચી ગયા છે કે નહિ તે અંગેની તકેદારી રાખવી, નળ-ગટરના ઢાંકણાં બંધ રાખવા, વિજળીના ઉપકરણો બને ત્યાં સુધી બંધ રાખવા, લાઈટ ખાતા દ્વારા વાયરિંગ, ટયુબ, બલ્બ, પંખા વગેરેની એકવાર ચકાસણી થઈ જાય, કોઈ જગ્યાએ કરંટ ન આવે તેવી ઘટતી આનુષાંગિક તમામ વ્યવસ્થા જોવા, વાયરો ખૂલ્લા ન રહે તથા બાળકો ઘરે પણ ઈલેકટ્રિક થાંભલાથી દૂર રહે તેવી સૂચના આપવા જણાવવામાં આવે છે. આ ઉપરાંત અત્રેથી વખતોવખત આપવામાં આવેલ ‘‘કુદરતી આપત્તિ વ્યવસ્થાપન’’ અંગેની સલામતી બાબતોની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

તા.૦૮-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી